જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૮/૨૦૧૫ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૭૦૨/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮૫ કેસ કરી ૬૯ વ્યક્તિઓને ઝડપી, ૨૯૭ લીટર દેશી દારૂ, ૦૮ બોટલ ઇગ્લીશ દારૂ, ૨૧૦ ક્વૉટર ઇગ્લીશ દારૂ અને ૧૩૭ બિયરટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૭ કેસ કરી ૨૦ વ્યક્તિઓ ઝડપી રૂપિયા ૬૦,૯૧૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૦૩/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૫૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૧૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**બળાત્કારની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૭૦૪/૧૫**

**વેજલપુર :** વેજલપુર વિસ્તારમાં રહેતી ૧૪ વર્ષની તરુણીની માતાએ તા.૨૧/૮/૧૫ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આજથી પાંચ મહિના પહેલાં રાત્રીનાં ૧૦/૦૦ વાગ્યાનાં સુમારે આરોપી અરમાન ઉર્ફે માની હનીફભાઇ સૈયદ (રહે.અતિફાપાર્ક, ફતેહવાડી કેનાલ પાસે) એ તરૂણીનાં ઘરે જઇ, ધાક-ધમકી આપી, તરૂણીની મરજી વિરૂધ્ધ બળજબરીથી શરીર સબંધ બાંધતાં તરૂણી ગર્ભવતી બની છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.બી.વાળંદ ચલાવે છે.

**સોનાનો દોરો ખેંચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૦૫/૧૫**

**આનંદનગર :** પુજાબહેન અમીતભાઇ સોમાણી (ઉ.વ.૩૬)(રહે.શરણમ -૧, લોટસ સ્કુલની સામે, જોધપુર ગામ, સેટેલાઇટ) તા.૨૧/૮/૧૫ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે રહેણાંક નજીકથી પસાર થઇ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૦ થી ૨૫ વર્ષના આશરાનાં) પુજાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૨૫,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ પુજાબહેન સોમાણીએ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એન.ચૌધરી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૦૬/૧૫</u>**

**બાપુનગર :** અબ્દુલગની યુસુફભાઇ શેખ (રહે.એકતા એવન્યુ, મહેતા ટાઇલ્સ ફેક્ટરી, હાથીખાઇ ચાર રસ્તા ગોમતીપુર) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૭/૧૫ નાં કલાક ૪/૦૦ વાગ્યાના સુમારે મુરલીધર આઇસ્ક્રીમ નજીક ઇન્દુલાલ યાજ્ઞીક હોલ ખાતેથી ટેલીફોન વાયર કુલ ૩૮૦ મીટર કિંમત રૂપિયા ૩,૦૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી એમ.કે.ખાંટ ચલાવે છે.

**<u>વાહનચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૦૭/૧૫</u>**

**ગોમતીપુર :** મુકેશકુમાર કાંતીલાલ વાઘેલા (રહે. પટેલ પરમાનન્દની ચાલી વિજય પેટ્રોલપમ્પની સામે ગોમતીપુર) એ તા.૨૧/૮/૧૫ નાં કલાક ૦૦/૩૦ વાગે વિજય પેટ્રોલ પમ્પની બાજુમાં, વલીભાઇની કરીયાણાની દુકાન આગળ પોતાની ટાટા સ્પેશીયો ગાડી નંબર જીજે ૦૮ ડી ૯૫૮૫ કિમત રૂપિયા ૯૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી સવારનાં ૭/૦૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ મુકેશકુમાર વાઘેલાએ તા.૨૧/૮/૧૫ નારોજ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી ગીરીશકુમાર કાવાજી ચલાવે છે.

**ઓઢવ :** અરવિંદભાઇ કાળીદાસ પ્રજાપતિ (રહે.દરબારવાસ સામે, સરહીદમીલની સામે, ઓઢવ ગામ) એ તા.૧૭/૮/૧૫ રાતનાં ૧૦/૩૦ વાગે રહેણાંક નજીક પોતાની બોલેરો ગાડી નંબર જીજે ૦૭ એ.જી.૫૨૬૩ કિમત રૂપિયા ૨,૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧૮/૮/૧૫ સવારનાં ૭/૪૫ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ અરવિંદભાઇ પ્રજાપતિએ તા.૨૧/૮/૧૫ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ શ્રી હિરાભાઈ કોયાભાઈ ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૦૮/૧૫</u>**

**વેજલપુર :** અનીસ અબ્દુલરસીદ શેખ (રહે,અંબાલાલ બાપાલાલની ચાલીની બાજુમાં, પીરકુતબ મસ્જીદની સામે, શાહપુર) એ તા.૨૧/૮/૧૫ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨/૮/૧૫ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના પિતા અબ્દુલરસીદ અબ્દુલગફાર શેખ(ઉ.વ.૫૮) નાઓ વાસણા જૈન દેરાસર સામેથી રસ્તો ક્રોસ કરતાં હતા દરમ્યાન અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારતાં અબ્દુલરસીદ નાઓને શરીરે ગંભીર ઇજાઓ થતાં, તેઓને સારવાર અર્થે વા.સા.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૬/૮/૧૫ નાં કલાક ૨/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.કે.ઝાલા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**દાઝી જતાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૭૦૯/૧૫**

**વસ્ત્રાપુર :** કાજલ વા/ઓ વિશાલભાઇ વાસડોડીયા (ઉ.વ.૧૯)(રહે,હરસિધ્ધ નગરના છાપરા, NF.D સર્કલ સામે, બૉડકદેવ) તા.૨૧/૮/૧૫ ના કલાક ૭/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે રસોઇ બનાવતા હતા, દરમ્યાન ચુલામા કેરોસીન નાંખવા જતા એક્દમ ભડકો થતાં, હાથ તથા છાતીના ભાગે દાજી જતાં, તેઓને સારવાર અર્થે સિવિલ હોસ્પીટલમાં લઇ જતાં ફરજ પરનાં ડૉ.શ્રીએ તેમને મરણ જાહેર કર્યા હતા. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આર.જે.ગઢવી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૭૧૦/૧૫**

**રિવરફ્રન્ટ (ઇસ્ટ) :** પ્રકાશકુમાર જયંતીલાલ સિંહગઢ (ઉ.વ.૩૫)(રહે.મધુવન સોસાયટી, વિભાગ-૧, મેઘાણીનગર) એ માનશીક બીમારીથી કંટાળી જઇ તા.૨૧/૮/૧૫ સવારના ૧૧/૩૫ વાગ્યા પહેલાં કોઇપણ સમયે નારણઘાટ ખાતે સાબરમતી નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ (ઇસ્ટ) પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અજીતસિંહ જવાનસિંહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)